સાતમી ગુજરાત રાજકીય પરિષદ


બોરસદ

[illegible]

પ્રમુખ

શ્રી દત્તાત્રય બાલકૃષ્ણ કાલેલકરનું

ભાષણ



ભાઈઓ અને બહેનો,

ગુજરાતની રાષ્ટ્રીય પરિષદના પ્રમુખસ્થાન માટે મારૂં નામ કોઈ પણ કાળે સૂચવવામા આવશે એમ મારા સ્વપ્નામાં પણ કદી આવ્યુ ન હતું. અને હું ધારૂં છું આપના પણ મનમા કોઈ કાળે એવો વિચાર આવ્યો નહિ હોય. સંકુચિત અર્થમા જેને રાજદ્વારી હીલચાલ કહે છે તે વિષેનો મારો પ્રત્યક્ષ અનુભવ નહિ જેવો જ છે. અને એ જ સંકુચિત સ્વરૂપની રાજદ્વારી હીલચાલ આજે ચાલતી હોત તો બીજે પ્રસગે પણ મારૂ નામ કોઈ સ્વીકારત નહિ એની મને ખાતરી છે. પણ હવે જમાનો બદલાયો છે. આપણી દૃષ્ટિ વધારે વિશાળ થઇ છે. રાજદ્વારી હીલચાલ કરતા રાષ્ટ્રીય હીલચાલ તરફ આપણુ ધ્યાન વધારે ને વધારે ચોંટતું જાય છે. બીજી તરફ પ્રજા પોતાનો નિર્ણય પોતાની મેળે કરવાને સમર્થ થતી જાય છે. અને તેથી જ પ્રાન્તિક પરિષદ્ જેવી સભાને પ્રમુખસ્થાને પણ સામાન્ય માણસથી કામ ચલાવી શકાય છે. જ્યારે આવી પરિષદો વાર્ષિક મેળાવડાના સ્વરૂપની હતી ત્યારે ઉચ્ચમાં ઉચ્ચ પ્રતિભાવાળો પ્રમુખ પસંદ કરવામા આવતો. આજે જ્યારે બધા જ પોતપોતાની ફરજ સમજી પોતપોતાના ક્ષેત્રમા કામે

વળગી જાય છે ત્યારે જેને નવરાશ હોય તેને જ પ્રમુખનું કામ કરવું પડે છે. ભાઈશ્રી શંકરલાલ બૅંકર અને શ્રી. ઇન્દુલાલ યાજ્ઞિક જેલમાંથી બહાર આવ્યા કે તરત જ કામે ચડ્યા. પરિષદ્ જેવા કાર્યમાં ત્રણ દિવસ ધ્યાન રોકવા જેટલી નવરાશ તેમની પાસે ન હતી. એટલે આપ લોકોને ઉનાળાની રજા ભોગવનાર એક અધ્યાપક જડ્યો, અને આપે મને અહીં આવવાની ફરજ પાડી. આપે એટલો પણ વિચાર ન કર્યો કે આ માણસ કદી પ્રાંતિક સમિતિનો સભ્ય પણ નથી થયો. પણ આપે નછૂટકે જ મારી પસંદગી કરી હશે એમ જોઇને જ આપ સૌની ઇચ્છાને આધીન થઈ અને મારા મુરબ્બીઓની આજ્ઞાને વશ થઈ આખરે આ કામ મેં માથે લીધું. જે પ્રજામાં સ્વરાજની લાયકાત આવેલી હોય છે તે પ્રજા ગમે તે માણસ મારફતે પોતાને જોઇતી સેવા લઇ શકે છે. મારી ખાતરી છે કે આ પરિષદમા આપ સૌ એ સિદ્ધાન્તનો પરિચય આપશો.

એક રીતે તો મારૂં કામ બહુ જ સહેલું છે. શ્રદ્ધાની જ્યોત સુભાગ્યે ગુજરાતમાં ઝાંખી પડી નથી. આપણા ગુજરાતમાં પક્ષાપક્ષીના ઝગડા છે જ નહિ કહીએ તો ચાલે. દરેક જણ પોતાને ભાગે આવેલું કામ ચીવટથી છતાં નમ્રતાથી કર્યે જાય છે. શુષ્ક ચર્ચા આ પ્રાન્તમાં નથી. પરસ્પર ઇર્ષાથી કામ બગડશે એવી ધાસ્તી પણ અહીં નથી. અને સૌથી મોટી વાત એ છે કે રાષ્ટ્રનૌકાના કર્ણધાર ફરી આપણી વચ્ચે આવીને ઉભા છે. ગમે તેવા તોફાનમાં રાષ્ટ્રની નૌકા તેમના હાથમાં સલામત છે અને તેમની અવિચલ મંગલ દૃષ્ટિ સદૈવ જાગ્રત છે એવી શ્રદ્ધા આખા દેશમાં છે. આજે તેઓ અહીં હાજર નથી છતાં તેમની સલાહનો લાભ દેશને મળી રહ્યો છે, અને તેમની ગેરહાજરી દરમિયાન તેમણે બતાવેલે રસ્તે ધીરજ અને હિંમતથી આપણને દોરનાર મુરબ્બી શ્રી. વલ્લભભાઇ અને અબ્બાસ સાહેબ જેવા આપણા આગેવાનો આપણી વચ્ચે છે, એટલે આપણું કામ બહુ જ સહેલું છે એમાં શક નથી. અને એ દૃષ્ટિએ મને લાયકાત વગર આ સ્થાન લેતા છતાં ચિન્તા થતી નથી.

સાત વરસ પહેલાં આ પરિષદની સ્થાપના કરતાં ગાંધીજીએ કહ્યું હતું, “આ પગલું ગુજરાતને સારૂ ઘણું અગત્યનું છે. તેમાંથી બહુ સારા પરિણામો આપણે નીપજાવી શકીએ છીએ. આ પરિષદ પાયારૂપે છે. જો પાયો સાચો અને મજબૂત હશે તો ઇમારતને વિષે આપણે નિશ્ચિન્ત રહી શકશું.” તે વખતે આપણું રાજદ્વારી જીવન બિલકુલ ઘડાયેલું ન હતું.

પરિષદ્ એટલે એક વાર્ષિક મેળાવડો જ ગણાતો. પોતાના ધંધામાંથી બચતા વખતમાં કામ કરનારા લોકો પરિષદો ગોઠવતા. એ સ્થિતિ વિષે દુઃખ જાહેર કરતાં ગાંધીજીએ કહ્યું હતું, "આપણને જરૂરનું તો એ છે કે પરિષદોના ઠરાવોનો અમલ કરવો એને જેઓ પોતાનો મુખ્ય ધંધો ગણી શકે તેવા માણસો જોઈએ. આવા માણસો ઘણા હોય ત્યારે જ પરિષદોનાં કાર્ય શોભી નીકળવાનાં, ત્યારે જ ફળદાયી થવાનાં." સાત વરસ પછી એ વચનોનું જ્યારે ફરી સ્મરણ કરીએ છીએ ત્યારે આ કાળ દરમિયાન ગુજરાતે કેટલી પહેલ કરી છે તેનો ખ્યાલ આવી શકે છે. સાચી દેશસેવાને જેમણે મુખ્ય અને ખાસ ધંધો કર્યો છે એવા જ લોકો હવે આપણે આપણી પરિષદોમાં જોઈએ છીએ. કેટલાક કાર્યપરાયણ દેશસેવકો તો એવા છે કે જેમને આવી પરિષદો માટે જોઈતા ત્રણ દિવસ પોતાના કાર્યમાંથી બચાવવા મુશ્કેલ પડે છે. આ સ્થિતિ આજે ગુજરાતમાં જોવાની મળે છે એ સુભાગ્યની વાત છે. ગોધરામા ગાંધીજીએ કહ્યું હતું, "આપણે હિન્દની પ્રજા પાસે સ્વરાજ્ય માગવું રહ્યું છે, આપણી અરજી તેની કને છે. જ્યારે હિન્દુસ્તાનના ખેડુત જાણશે કે સ્વરાજ્ય શું છે ત્યારે કોઈ સ્વરાજ્ય રોકી શકનાર નથી." મહાસભાની અરજીઓ સરકારે કોઈ કાળે સાંભળી નહોતી. પ્રજાએ સાંભળી તેથી જ આપણે આ સ્થિતિએ પહોંચી શક્યા છીએ. બોરસદમાં ખેડુતોએ સ્વરાજ્ય શું છે એ જાણ્યું અને આપણને એ પણ બતાવી દીધું કે દુનિયાને ધ્રુજાવી મૂકનાર મહાન સલ્તનત પણ નિશ્ચયી પ્રજા આગળ નબળી જ છે. સાત વરસ પહેલાં ગાંધીજીએ કહ્યું હતું, "લોકજાગૃતિને સારૂ આન્તરિક ચળવળની વધારે જરૂર છે. આન્તરિક પ્રવૃત્તિ વિના બાહ્ય પ્રવૃત્તિ શોભશે નહિ, એટલું જ નહિ પણ તે નિરર્થક જવાનો સંભવ છે." આજે આપણે આન્તરિક ચળવળ રચનાત્મક કાર્યક્રમને નામે ચલાવી રહ્યા છીએ. વળી ગાંધીજીએ તે વખતે કહ્યું હતું, "શિક્ષિતવર્ગે, સ્વરાજ્યપ્રેમીએ જનસમાજમા ભળ્યા વિના ચાલવાનું નથી. આપણે પ્રજાના એકે અંગને તરછોડી શકવાના નથી, એકે અંગને તજી શકવાના નથી. બધાને સાથે લઈને ચાલશું ત્યારે જ આગળ વધવાના છીએ." સાત વરસ થયાં આ સિદ્ધાન્તનું મહત્ત્વ આપણે વધારે ને વધારે સમજવા લાગ્યા છીએ. ગોધરામાં જ આપણે સત્યાગ્રહનો સુધરેલો રસ્તો કબૂલ રાખ્યો. આપણે સાત વરસ પછી જોઈ શક્યા છીએ કે દુનિયાનાં તમામ દુઃખોનું નિરાકરણ કરવાનો તે એકમાત્ર છેલ્લો ઉપાય છે. આ રીતે આપણો પાયો સાચો અને મજબૂત થયો ને તેથી તેના જ

પર આપણે એક સુંદર ઇમારત—બેશક, એક અપૂર્ણ ઇમારત જોઇ શકીએ છીએ. સત્ય અને અહિંસાને માર્ગે જ્યારે વિજય મળશે ત્યારે સ્વરાજ્યનો કળશ એ મન્દિર ઉપર ચળકતો આપણે જોઇશું.

ગોધરામાં વાવેલા બીજનું ત્યારપછીની બે પરિષદોએ સંગોપન કર્યું અને તેમાંથી અમદાવાદમાં અસહકારનો અંકુર ફૂટ્યો. મહાસભાએ અસહકાર કબૂલ રાખ્યો તેના પહેલાં જ ગુજરાતે તે જાહેર કર્યો હતો એ બીના સ્વરાજ્યના ઇતિહાસમાં જરૂર નોંધાશે. એ જ પરિષદે વિદ્યાપીઠને જન્મ આપ્યો એ વાત ગુજરાતની ઉછરતી પેઢીઓ હમેશાં ધ્યાનમાં રાખશે. અસહકારને અમલમાં મૂકવા સારૂ બેઝવાડામાં જે કાર્યક્રમ ઘડાયો તેની શરૂઆત ભરૂચની પરિષદે કરી અને સ્વરાજ્યને માટે સર્વસ્વ અર્પણ કરવાની ત્યાગદીક્ષા ગુજરાતે લીધી. તે દિવસે આ નવા સંસ્કારથી જેઓ દ્વિજ બન્યા તે બધાની સરકારે પણ ઓછીવત્તી કદર કરી જ છે. એમાંના આપણા પાટીદાર ભાઈ કલ્યાણજી હજુ સૂકો રોટલો ખાઇ સરકારને ઘેર પાટી વણે છે જ. પણ ગુજરાતની સાચી કસોટી તો સરકારે ગાંધીજીને પકડીને જ કરી. નમાલા દેશમાં આગેવાનને સજા કરવાથી પ્રજાની શ્રદ્ધા ડગે છે, પ્રજા નબળી પડે છે એ રાજકારણના અનુભવસિદ્ધ સૂત્ર તળે ન આવનાર પ્રાન્તોમાં ગુજરાત અગ્રગણ્ય રહેશે એમ આણંદની પરિષદે જાહેર કર્યું. અને તે નિશ્ચયના વિજય ઉજવવા આપણે આ વિજયભૂમિ ઉપર ભેગા થયા છીએ.

આણંદ પરિષદ્ પછી આપણી સાચી કસોટી શરૂ થઇ. એક તરફ સરકારે ગોપાળદાસભાઇ જેવા રાજપુરુષથી માંડીને ગામડામાં કામ કરનારા સામાન્ય સ્વયંસેવકો સુધી બધાને સજા કરી જોઇ; અને બીજી તરફ આપણા દૈવે એક ઉત્સાહભંગ સમિતિ દેશમાં ફેરી વળી. છતાં ગુજરાતની શ્રદ્ધા ચળી નહિ. એ તપાસસમિતિએ દેશ સવિનય ભંગ માટે તૈયાર નથી એમ જાહેર કર્યું અને તે જ અરસામાં શીખ લોકોએ ગુરુ-કા-બાગમાં સત્યાગ્રહનો એક પાઠ લીધો. ગુજરાતે ગાંધીજીને નામે વિદ્યાપીઠને સુંદર ભેટ આપી અને પરદેશી કાપડના વેપારીઓને તેમને હાથે થતા દેશદ્રોહનું ભાન કરાવ્યું; જ્યારે ગુજરાત બહાર મુલતાનમાં હિન્દુમુસલમાન ઐક્યમાં પહેલવહેલી તડ પડી: ગાંધીજીના કારાવાસ પછી લાગલાગટ ત્રણ મહાસભાઓએ તેમના કાર્યક્રમ પ્રત્યેની પોતાની નિષ્ઠા જાહેર કરી, છતાં દેશમાં ધારાસભાવાદી-અસહકારી મતભેદો તો વધ્યા જ અને ચિંતા અને નિરુત્સાહનું વાતાવરણ બધે જ ફેલાયું. આજે હિન્દુસ્તાનમાં હિન્દુમુસલમાનની એકતા, મહાસભાની

પક્ષાપક્ષી અને અન્ત્યજોનો ઉદ્ધાર આ ત્રણ જ મોટામા મોટા સવાલો છે. ઈશ્વરની કૃપાથી આપણે કહી શકીએ છીએ કે આપણા પ્રાન્તમાં એ ચિન્તાનું કારણ ઓછામાં ઓછું છે. છતા સિદ્ધપુર કે વીસનગર જેવા બનાવો આપણને ચિંતામુક્ત રહેવા દેતા નથી. મારી ખાતરી છે કે જેમ ગુજરાતે આ સાત વરસ દરમિયાન હિન્દુસ્તાનની આગેવાની ભોગવી છે તેમ આ અણીને પ્રસંગે પણ તે હિન્દુસ્તાનને ઉદ્ધારનો રસ્તો બતાવશે. જે પ્રાન્ત મીલમજુરોની વિરાટ હળતાળને શાન્તિની મર્યાદામાં રાખી શકે છે, જે પ્રાન્ત રાષ્ટ્રની ઈજ્જત ખાતર સ્વયંસેવકોની ફોજ ગમે તે પ્રાન્તમા મોકલી શકે છે, અને જે પ્રાન્ત બોરસદ જેવી લડત લડી શકે છે તેને માટે શું અશક્ય છે?

મીલની હડતાળથી આપણે આમપ્રજા પર કેવી રીતે કાબુ મેળવવો એ શીખ્યા છીએ. એ પાઠ કેટલો મહત્ત્વનો છે એનો આગળ જતા આપણને ખ્યાલ આવશે. વિચારીવર્ગ આમવર્ગ ઉપર શુદ્ધ સેવાથી કાબુ મેળવશે ત્યારે જ હિન્દુમુસલમાનની એકતા સ્થાપવી સહેલી થશે અને સ્વરાજ્યના સૂત્રો હાથમાં આવશે. નાગપુરની લડતે ગુજરાતને જેલદીક્ષા આપી અને તાલીમનું મહત્ત્વ જણાવ્યું. પણ ગુજરાતની સ્વરાજ્ય માટેની ઉત્તમમા ઉત્તમ અને શુદ્ધમાં શુદ્ધ લડત તો બોરસદની જ છે. બોરસદની વિદ્યુત-વેગી દીલચાલે સત્યાગ્રહનો એક સુદર નમૂનો દેશ આગળ રજૂ કર્યો છે અને સરકારને પણ કોઈ કાળે ન ભૂલાય એવો પાઠ ભણાવ્યો છે. જે પ્રજા સ્વમાન ખાતર, પોતાની નિર્દોષતા સાબીત કરવા ખાતર, અન્યાયને વશ ન થવા ખાતર, આવો સત્યાગ્રહ ચલાવી શકે છે તે પ્રજા સ્વરાજ્યની માગણી ન કરે તોપણ તેના હાથમાં તે આવી પડવાનું. એવી પ્રજાનો વિચાર કર્યા વગર કોઈ પણ સરકાર એક ડગલું પણ ભરી ન શકે. આ અસાધારણ જશની જેમ બોરસદની પ્રજા અધિકારી છે તેમ તેમના કુશળ નેતાઓ પણ અધિકારી છે.

બોરસદના વિજયથી આપણે આપણા નાયકને પારખ્યા એમ કહું? નહિ, આપણે તો પારખતા હતા જ, પણ તેમને ન પારખનારાઓ પણ પારખનારા થયા. સરકારે તેમને પારખ્યા; વલ્લભભાઈની સાથે દેશકાર્યમા આગેવાની કરનારા મિત્રો જે તેમનો જાદુ જાણી શકયા ન હતા તેમણે તેમનો જાદુ જોયો; બીજાઓની ટીકા અને આક્ષેપો છતાં, શાન્તિ અને ધીરજ કેળવી સમય આવ્યે જ સોકટી મારવાની તેમની શક્તિનો પરિચય

કીધો. મૌ. શૌકતઅલીએ વલ્લભભાઇને વર્ણવનાર એક જ શબ્દસમૂહ વાપરીને તેમની હમેશને માટે દેશને ઓળખ આપી દીધી છે, 'બરફથી ઢંકાયલા જ્વાળામુખી'ના કરતાં વધારે યથાસ્થિત વર્ણન કયું હોઇ શકે?

મહાત્માજીના છૂટ્યા પછી તેઓ કોના પ્રતાપે છૂટયા એ વિષે છાપાઓમાં ચર્ચા ચાલતી હતી. કેનોપનિષદમાં જેમ દેવોને થયું હતું કે અમારો જ વિજય છે, અમારો જ મહિમા છે, તેમ આજે દરેકને થાય છે. મને લાગે છે મહાત્માજી પોતાના શુદ્ધ બલિદાનના પ્રતાપે જ છૂટયા. તેમને છોડવામાં જો સહાયકારી કારણો ગણાવવાં જ હોય તો બોરસદની લડતને હું જરૂર મહત્ત્વનું સ્થાન આપું.

બોરસદના વિજયનું મહત્ત્વ સમજીને આપણે તે વિજયની મર્યાદા પણ જાણી લઇએ એ જરૂરનું છે. બોરસદના લોકોએ જે આગ્રહ બતાવ્યો, અને આગ્રહમાં સત્ય અને અહિંસાનું પાલન કર્યું તેથી તેમણે તેમના નાયકને અભિમાન લેવા જેવી સ્થિતિ કરી મૂકી એ વિષે તો શંકા નથી. પણ બોરસદની પ્રજાને એક ખોટા આક્ષેપની સામે લડવાનું ન હોત, એક સીધા અન્યાયી કરની સામે, આબરૂ ઉપર થએલા સીધા હુમલા સામે લડવાનું ન હોત તો તે પ્રજા આ લડતના જેટલું જ તેજ બતાવત ખરી? સીધા અપમાનને વારવા માટે, સીધા અન્યાયી કરને ન ભરવાની શક્તિ માટે બોરસદને અલ્પ આત્મશુદ્ધિથી ચાલી શક્યું. પણ સમસ્ત દેશના અપમાનની સામે સમસ્ત દેશની ઉપર નંખાતા અન્યાયી કરની સામે લડવાને માટે બોરસદને આત્મશુદ્ધિની પરાકાષ્ઠાએ પહોચવું પડશે. જે ખેડુતો પોતાને માથે આવેલું સીધું અપમાન નહોતું સહન કરી શક્યા, તે જ ખેડુતો સ્વરાજ વિના એક ક્ષણ ન જીવી શકે એવું તેમણે સાબીત કરી આપવાનું છે. અને આપણો સમાજ જે સડાથી ખવાઇ રહ્યો છે—પરદેશી વસ્ત્ર, પરદેશી અને દેશી શરાબ, અસ્પૃશ્યતા, અને કોમી ટંટા—તે નાબુદ કરીને જ આ વાતની આપણે સાબીતી આપી શકશું.

એટલે બોરસદના વિજય પછી હાલ ત્યાં જે આત્મશુદ્ધિનું અને પ્રજાસંગઠનનું કાર્ય ચાલી રહ્યું છે તે વિજય કરતાંયે વધારે મહત્ત્વનું છે. દરબાર સાહેબ જેવા રાષ્ટ્રસેવકો ક્ષેત્રસંન્યાસ લઇ પ્રજાના તમામ વર્ગોને સ્વરાજ્યની પવિત્ર દીક્ષા આપે ત્યારે જ સ્વરાજ્યનું મન્દિર ચણાય. બોરસદના લડવૈયાઓએ હિન્દુસ્તાનને એ કિંમતી શીખામણ આપી છે કે દોડધામથી લાભ થવાનો નથી. જ્યાં 'છીએ ત્યાં જ મૂળીઆં ઉંડાણ સુધી નાંખીએ,

આસપાસ શીતળ છાયા ફેલાવીએ અને દમનનીતિના ટાહ્‌તડકામાં ટટાર ઉભા રહીએ, એટલે સ્વરાજ્યદેવી પોતાની મેળે ત્યાં વાસો કરવા આવશે.

બોરસદમાં બારવટીઆનો કેર હતો એ વાત સાચી છે. તે દૂર કરવાનો સરકારે એક ઉપાય સૂચવ્યો, અમલમાં મૂક્યો. પ્રજાએ બીજો ઉપાય શોધી કાઢ્યો અને તે હવે અમલમાં મૂક્યો છે. બારવટીઆઓના ત્રાસમાંથી છૂટી જવાનો બીકણ ઉપાય એ છે કે બારવટીઆઓ કરતાં વધારે જબરદસ્ત કોઇ શોધી કાઢી તેને નૈવેદ્ય ધરાવવું અને તેની મારફતે સલામતી મેળવવી. ગુજરાતની પ્રજાને માટે એ ઉપાય નવો તો નથી જ. હજી પણ કેટલેક ઠેકાણે સિંધી બલુચી લોકોને રખેવાળ રાખવાનો ઇલાજ ચાલે છે. સરકાર પણ એ જ ભાગ ભજવતી આવી છે. પણ હવે પ્રજા જોઇ શકી છે કે નૈવેદ્યથી માનેલા રખેવાળ પોતે જ સવાયા બારવટીઆ બની જાય છે, અને નૈવેદ્યના બદલામાં સલામતી નામની જ મળે છે. આપણે જે નવો ઉપાય શોધી કાઢ્યો છે તેનું રહસ્ય જુદું જ છે. બારવટીઆઓ પણ કંઇ એમ ને એમ પાકતા નથી. તેમનું દુઃખ જાણી તે દૂર કરવાથી, તેમને સારા સંસ્કારો તળે લાવવાથી અને તેમને માનભેર ગુજરાન ચલાવી શકાય એવો ધંધો શોધી આપવાથી બારવટું નાબુદ થશે, એટલું જ નહિ પણ પ્રજાની શક્તિ અનેક ગણી વધશે. સિંધના બલુચી અથવા પઠાણ લોકો કરતાં ચરોતરના ધારાળાઓ આપણું રક્ષણ વધારે સારી રીતે કરી શકશે.

બોરસદની લડત ચાલતી હતી ત્યારે શ્રી. વલ્લભભાઇએ ધારાળાઓને ઉદ્દેશીને એકાદ પત્રિકા કાઢી હશે, તેની માહીતી જેલમા આવતા કેદીઓ અંદર લઇ આવ્યા હતા. તે વખતે કેટલાક ડાકુઓ મારી પાસે આવીને કહેતા, “ કહે છે કે તમારા વલ્લભભાઇએ અમારે માટે એક પત્રિકા કાઢી છે. અમને તેમની વાત કબૂલ છે. પણ અમારી સામે જે જૂઠી ફરિયાદો કરવામાં આવે છે, જૂઠી સાક્ષીઓ પૂરવામાં આવે છે, અમારાં બૈરાંછોકરાની જે કનડગત કરવામાં આવે છે તે અટકાવવા તમારા વલ્લભભાઇ તૈયાર છે? અમે શું કરીએ?”

આ સવાલમાં જ આપણી ઘણી મુશ્કેલીઓનો જવાબ મને મળી ગયો. આજે હિન્દુમુસલમાનની એકતા તૂટી ગઇ છે અને આપણે આટલા ચિન્તાગ્રસ્ત થયા છીએ. મારી દૃષ્ટિએ હિન્દુમુસલમાનનો ઝગડો આપણા ધાર્મિક મતભેદોમાં નથી; સ્વરાજ્યમાં ઓછા કે વત્તા અધિકાર મેળવવાના ઝગડામાં નથી. ધર્મના ઝઘડા એકબીજાની માન્યતાઓ વિષે વધારે જાણ-

વાથી દૂર થઈ શકશે. અધિકારવિભાગના ઝગડા ઉદારતાથી આપલે કરવાથી અથવા તટસ્થ પંચાયતોથી પતી જશે. સ્વરાજ્યનો અર્થ રાજ્ય કરવાનો હક એમ હું માનતો જ નથી. સ્વરાજ્યનો વિચાર કરતા અધિકારના કેટલા સૂત્રો મારા હાથમા આવશે એનો હુ વિચાર કરતો જ નથી. રાજ્યના સૂત્રો ગમે તેના હાથમા હો—હિન્દુઓના, મુસલમાનોના કે અંગ્રેજોના—તેની મને દરકાર નથી. મારી ઇચ્છા વિરુદ્ધ કોઈ મારા ઉપર રાજ્ય ન ચલાવે, મારા વિકાસમા રાજ્ય તરફથી બિલકુલ રોકાવટ ન થાય, અને મતભેદ હોય ત્યાં મને યોગ્ય લાગે તે જ વસ્તુ અમલમા આવી જાય, એટલું મને મળે એટલે બસ. એ જ મારૂં સ્વરાજ્ય. અને એ વસ્તુ તો મારી કૌવત અને મારા ડહાપણ પર જ આધાર રાખે છે. અધિકારના સૂત્રો મારા મુસલમાન ભાઈઓના હાથમા વધારે જાય તેથી હું બ્હીતો નથી. હુ અધિકારી હોઉં તો મારે એમને રીઝવવા પડે. તેઓ અધિકારી થાય તો તેમણે મને રીઝવવો પડે. હિન્દુમુસલમાનના ઝગડાનું મૂળ એ વસ્તુમા છે કે આગેવાનો અને વિચારી પુરુષો પોતપોતાની કોમના અણસમજુ, ડાંડ અને તોફાની કે બીકણ વર્ગ ઉપર હજી કાબુ મેળવી શક્યા નથી, અને તેથી પંચાયતનો સુધરેલો અને જૂનો ઇલાજ અખત્યાર કરતા મુશ્કેલી પડે છે. પંચાયતમા પણ વકીલી અને કોરટબાજીની નકલ કર્યે ચાલે નહિ. કૌટુંબિક નિયમનું મળતાપણું અને માડવાળની ઉદારતા હોય તો જ પંચાયત પાર પડી શકે છે. ગામડાઓમા હિન્દુમુસલમાનના ઝગડા જોવામા નથી આવતા એનું કારણ પણ એ જ છે. સ્વાર્થને માન્યતા આપનાર આધુનિક કેળવણી અને જરા પણ નમતું ન મૂકતાં શીખવનાર કાયદાબાજીનો કેફ એ બે કારણોને લીધે જ આપણા ઝગડા ઝટ શમી જતા નથી. Coward અને Bully એટલે કે બીકણ અને ડાંડ અથવા ડરનાર અને ડરાવનાર એ બે વૃત્તિઓને લીધે મુશ્કેલીઓ ઉભી થાય છે. પછી ધાર્મિક માન્યતાઓની ભિન્નતા એ નિમિત્તભૂત થઇ જાય છે. નહિ તો હિન્દુ-મુસલમાન એકતાની ઇંતેજારી આપણને બંને કોમોને સરખી જ છે. સંપ અને શાન્તિ વગર જેમ આપણું ચાલે નહિ તેમ આપણા મુસલમાન ભાઈઓનું પણ ચાલે એમ નથી. સ્વરાજ્ય અને ખિલાફતના સવાલનો ઉકેલ આપણે સંપીલા રહીએ તો જ આણી શકાશે. મુસ્તફા કમાલ પાશાને હાથે ખલીફાની નામોશી ધોવાઈ ગઈ, પણ તેને જ હાથે ખિલાફતનો અન્ત પણ આવ્યો. હવે ખિલાફતને ફરી સજીવન કરવાનો સવાલ મુસ્લીમ આલમ સામે બહુ જ મહત્ત્વનો અને ચિંતાનો થઈ પડ્યો

છે. ખિલાફતની લડતમાં હિન્દુસ્તાનના મુસલમાનોએ ઉત્તમ ભાગ ભજવ્યો છે અને તેથી જ ખિલાફત સજીવન કરવાની બાબતમાં હિન્દુસ્તાનના મુસલમાનોની ફિકર તેજારી સૌથી વધારે રહેવાની જ. સ્વરાજ્યને માટે તેમજ ખિલાફતને માટે હિન્દુમુસ્લીમ એકતા પ્રાણવાયુ સમાન છે. આજે એકલું હિન્દુ સંગઠન કરવાના દિવસ રહ્યા નથી. અન્ત્યજો તેમજ અગ્રજો સંપીલા થઇ જાય એટલું બસ નથી. હિન્દુ, મુસલમાન, પારસી, ખ્રિસ્તી, યહુદી બધાનું રાષ્ટ્રીય સંગઠન કરવાની આજે જરૂર છે. આવી એકતા હોય તો જ દેશમાં લોકસત્તા સ્થપાશે. તેમ નહિ થાય તો આપણને ડાયરશાહી અને ગુંડાશાહીના ભોગ થવું પડશે.

આપણી રાજદ્વારી સ્થિતિની મીમાંસા અને તે સુધારવાના ઇલાજો નક્કી થઈ ચુક્યાં છે. તેમાં હવે કશો ઉમેરો કે ફેરફાર કરવાપણું રહ્યું છે એમ નથી. પણ આપણે આપણા ઝગડાઓ કેમ શમાવીએ, સંપ કેમ સાચવીએ અને કોવત કેમ કેળવીએ એ વિષે વધારે વિચાર કરવા જેવા છે. હું એક પ્રાન્તિક પરિષદનો પ્રમુખ થયો એટલે મારે તે વિષે કંઈ કહેવું જ જોઇએ એમ હું નથી માનતો. દેશના અગ્રગણ્ય આગેવાનો તે જ કામ પાછળ મથી રહ્યા છે. છતાં એટલું તો કહેવાનું મન થાય જ છે કે લોક-શિક્ષણ અને લોકસેવા એ જ આપણી તમામ નબળાઇઓનું ઓસડ છે. આપ એમ નહિ માનતા કે હું એક કેળવણીકાર છું એટલા માટે જ કેળવણીનું ગાડું જ્યાં ત્યાં આગળ ધકેલું છું. સ્વરાજનો વિચાર મારા મનમા ન આવત તો મોળું ગણાતું કેળવણીનું ક્ષેત્ર હું કોઈ કાળે પસંદ ન કરત. સ્વરાજ્યની ચાવી કેળવણીમાં છે એમ જ્યારે મગજમાં ઠસી ગયું ત્યારે જ મેં તે ક્ષેત્ર પસંદ કર્યું. પણ રાષ્ટ્રીય શાળાઓ અને મહાવિદ્યાલયોમાં અપાતા શિક્ષણની વાત અહિ હું નથી કરતો. લોકશિક્ષણ એ અત્યંત વ્યાપક વસ્તુ છે. આપણી તમામ રાષ્ટ્રીય હીલચાલનો તેમાં સમાવેશ થાય છે. મારા જેવા અધ્યાપકને અહીં બોલાવ્યા પછી તેની કંઇક મીમાંસામાં હું ઉતરૂં તો તે સાંભળવા આપ તૈયાર થશો એમ હું માની લઉં છું.

પ્રજાને પોતાની સ્થિતિનું ભાન કરાવવું એ કેળવણીનું પ્રથમ પગથીઉં છે. તે કામ છાપાંઓ, માસિકો તેમજ આપણા નેતાઓ અને ઉપદેશકો કરી રહ્યા છે. આપણી મહાસભાઓ અને પરિષદો તેટલા જ માટે છે. પણ એ તો પહેલું જ પગથીઉં છે. પ્રજાકીય કેળવણી આચરણ દ્વારા જ થઈ

પંચાયતો દ્વારા આપણા કજીઆઓ પતે છે, એટલું જ નહિ પણ

પ્રજાને સમાજશાસ્ત્રની અને સ્વરાજ ચલાવવાની ઉત્તમ કેળવણી મળે છે. પરસ્પર સહકાર, એકબીજા વિષેની કાળજી, મદદ અને જવાબદારી એમાં જ સ્વરાજ્ય રહેલું છે. અસહકારનો વિજય પણ આપણા માંહોમાંહેના સહકારમાં જ રહેલો છે. સરકાર સામે અસહકાર એ પ્રજાકીય કેળવણીનું એક અંગ છે અને આપણો માંહોમાંહેનો સહકાર એ બીજું અંગ છે. પરદેશી કાપડનો ત્યાગ એ એક અંગ છે, જ્યારે રેંટીયા ને ખાદી એ બીજું અંગ છે. સરકારી શાળાઅદાલતનો ત્યાગ એ એક અંગ છે, જ્યારે લવાદ-પંચાયતો અને રાષ્ટ્રીય કેળવણી એ બીજું અંગ છે.

પ્રજાની કૌવત વધારનાર કેળવણી આપવી હોય તો તે પ્રત્યક્ષ આચરણ દ્વારા જ આપી શકાય. શરાબી માણસ દારૂ છોડે નહિ ત્યાં સુધી એ શાની કેળવણી લેવાનો હતો? દસ ચોપડીઓ તે ભણે એથી એનો શો દહાડો વળવાનો હતો? પરદેશી કાપડ વાપરનાર માણસને કઈ કેળવણી કલ્યાણકારક નીવડવાની હતી? જેઓ પોતાના ઝગડા પોતાના સમાજ મારફતે પતાવી શકતા નથી તેમની વિદ્વત્તા દેશના શા કામમાં આવવાની હતી? જેઓ પોતાના રક્ષણને અર્થે બીજાના શૌર્ય પર આધાર રાખે છે તેમના પાંડિત્યમાં તેજ ક્યાંથી હોય? આપણે લાંબા લાંબા લેખો કે જાડી ચોપડીઓ લખી અને ઇતિહાસના દાખલાઓ ટાંકી આપણી સ્વરાજ્ય વિષેની પાત્રતા સિદ્ધ કરીએ છીએ, પણ તેટલું બસ નથી. આપણે જાલિમની જોહુકમી ઉઠાવવાની બાબતમાં આપણી અપાત્રતા સિદ્ધ કરવી જોઇએ. તે કંઇ દલીલથી થઈ શકવાની નથી; પ્રત્યક્ષ આચરણથી જેમ બોરસદની પ્રજાએ સિદ્ધ કરી તેમ સિદ્ધ કરવી પડશે. છોકરાઓને મર્દાનગીની કેળવણી આપનારા અખાડા, સમાજને સ્વાવલંબન શીખવનાર પંચાયતો અને મહાજનો, સ્વદેશીની તાલીમ આપનાર રેંટીયો અને ખાદી— આ બધી વસ્તુઓનો જ્યારે સમાજમાં પ્રચાર થશે ત્યારે દેશમાં લોકશિક્ષણ સ્થપાયું ગણાશે. જાતિવ્યવસ્થાને લીધે આપણે પોતા પૂરતો જ વિચાર કરતા થયા છીએ. દિવસરાત્ર જેઓ આપણી સેવા કરે છે એવી કોમોનાં પણ સુખદુઃખનો ખ્યાલ આપણને બહુ ઓછો આવે છે. તેમનામાં પણ આપણા જેવી તેજસ્વિતા વધે, અન્યાયની અસહિષ્ણુતા—ચીડ વધે એની [illegible] આપણને પૂરતી નથી હોતી. તેથી આપણી હીલચાલમાં નબળાઇ રહે છે અને સરકાર આપણા નિશ્ચયોને માન આપતી નથી. જેને આપણે ગુલામીમાં રાખીએ છીએ, દબાએલા રાખીએ છીએ તે સ્વરાજ્યની લડતમાં મદદરૂપ કેમ બને?

જેમ આપણે આપણી દબાએલી કોમોની સ્થિતિ વિષે બહુ જ ઓછું જાણીએ છીએ તેમ આપણા ખ્રિસ્તી પારસી વગેરે પડોશીઓ વિષે પણ બહુ ઓછું જાણીએ છીએ. તેમની અને આપણી વચ્ચે ગેરસમજ નથી એ ખરૂં, પણ તેમનું આપણું પૂરેપૂરૂં સંગઠન પણ નથી. શું રોટીબેટીવહેવાર એ જ આપણા જીવનનું સંપૂર્ણ સ્વરૂપ છે ? આપણે એકબીજાના જીવનમાં સારી પેઠે પ્રવેશ કરવો જોઇએ, અસંખ્ય પ્રકારે એકબીજાની સેવા કરવી જોઇએ. ત્યારે જ આપણી બધાની દૃષ્ટિ એકસરખી થશે અને આપણે એકબીજાને પડખે ઉભા રહીને લડી શકીશું.

પ્રજાકીય લડતો એ કેળવણીનું સૌથી મહત્ત્વનું સાધન છે. દસ વરસ સુધીની બીજી કેળવણી પ્રજાને જે ન આપી શકે. તે દસ અઠવાડિયાંની લડત જોતજોતામાં આપી શકે છે. મહાવિદ્યાલયની ત્રણ વર્ષની કેળવણી અને બોરસદ જેવી એક લડત સરખી છે. ફરક એટલો કે જ્યારે ત્રણ વર્ષની કેળવણી પાંચ પચાસ જુવાનો જ લઇ શકે, ત્યારે લડતથી મળતી કેળવણી આબાલવૃદ્ધ તમામ વર્ગોને મળે છે.

એટલા માટે જ આપણે લોકસેવા અને લોકશિક્ષણ પાછળ મંડી પડવું જોઇએ.

સૌથી પહેલું કાર્ય મહાસભાની સમિતિઓ ગામડે ગામડે સ્થિર કરવાનું છે. મહાસભાનું તન્ત્ર એ આપણા રાજકીય જીવનની નસો છે. તેની મારફતે જ આપણું રાષ્ટ્રીય લોહી દેશમાં બધે ફરી શકે એમ છે.

બીજું કાર્ય તે રાષ્ટ્રીય શાળાઓ. ઓછામાં ઓછે ખર્ચે દેશનાં તમામ બાળકોને અત્યંત જરૂરની એટલી જ કેળવણી આપનાર શિક્ષકોનો એક સંઘ સ્થાપન કર્યા વગર આપણે અજ્ઞાનના ડુંગર તોડી ન જ શકીએ. જાત જાતના વહેમો અને જૂના સડેલા રાગદ્વેષો કેળવણી દ્વારા દૂર ન કરીએ ત્યાં સુધી આપણી હીલચાલમાં એકતા, હિંમત અને દૃઢ નિશ્ચય ટકવાનાં નથી.

આપણું ત્રીજું કાર્ય તે ગામડાંની સેવા. છેલ્લાં દોઢ હજાર વર્ષના પરદેશી અમલ તળે પણ હિન્દુસ્તાને જો પોતાની સંસ્કૃતિ એટલે પોતાપણું જાળવી રાખ્યું હોય તો તેનું કારણ આપણી ગ્રામવ્યવસ્થા સંગીન, પ્રાણવાન અને સ્વરાજ્યના સિદ્ધાન્ત પર રચાએલી હતી એ છે. આજે ગામડાંઓ ભાગી ગયાં છે, દુકાળો, રોગો અને વેઠો ગામડાંમાં ઘર ઘાલી બેઠાં છે. ગામડાંના બુદ્ધિમાન લોકો શહેરો તરફ તણાતા ગામડાંના પૈસા પાછળ

તણાઈને શહેરો તરફ દોડે છે. જૂની ખાનદાની અને ખાહોશી ભૂંસાઈ જવા લાગી છે. તેની કદર પણ નથી થતી. ટૂંકી દૃષ્ટિનું સ્વાર્થી ડહાપણ એ જ મોટામાં મોટો સદ્ગુણ ગણાવા લાગ્યો છે; અને જેના હાથમાં કંઈ પણ અધિકાર હોય તેની ખુશામત કરવી એ જ મુત્સદ્દીપણું લેખાવા લાગ્યું છે. આ કફોડી સ્થિતિ મટાડવી જ જોઈએ. તેને માટે દેશના સાચા સેવકો ને શિક્ષકો ગામડે ગામડે વાવવા જોઈએ, અને તેમની આગળ નિશ્ચિત કાર્યક્રમ હોવો જોઈએ. રોગચાળા વખતે માંદાંઓની સેવા કરવી, ખેડુતો-ને જોઈતી માહિતી પૂરી પાડવી, ગામડાંની સ્વચ્છતા જાળવવી, રોજ સાંઝે ધાર્મિક અને રાજકીય સાહિત્ય લોકોને વાંચી સંભળાવવું ને સમજાવવું, જ્યાં ફાવવાની આશા હોય ત્યાં કજીઆ પતાવવાની પેરવી કરવી, રક્ષણ કરવાની જરૂર પડે ત્યારે ચોકીની ગોઠવણ કરવી, સભાઓ અને યાત્રાઓ વખતે વ્યવસ્થા રાખવી, છોકરાછોકરીઓને લખતાં વાંચતાં કરવાં અને ઘેરઘેર રેંટીયાનું ધર્મચક્ર ચાલતું કરવું—એટલું કામ ગામડા દીઠ બબ્બે જણ જરૂર કરી શકે છે. એક તાલુકાનો માણસ બીજા તાલુકામાં કામ કરવા જાય ત્યારે તે અમલદાર જેવો ગણાય છે. એના કરતાં જ્યાંનો માણસ ત્યાં જ કામ કરતો હોય તો સ્વરાજ્યનું વાતાવરણ વહેલું ને સહેલું બંધાય છે.

જે વિદ્યાર્થીઓએ રાષ્ટ્રીય કેળવણી લીધી છે, જેમના ઉપર ગુજરાતની બધી આશા બંધાઈ છે, જેમના હાથમાં આજના કાર્યકર્તાઓ આ ભાગ્ય-શાળી પ્રાન્તને આખરે છોડી દેવાના છે, તેમને માટે આ ખાસ કામ છે. જૂના વહેમો અને સંકુચિત વિચારોના ચેપથી તેઓ પર છે. નિરાશાનું ભૂત તેમની છાતી પર સવાર નથી. વ્યવહારવાદના ખારાથી તેમની દેશ-ભક્તિનું બીજ બળી ગયું નથી. નામના અને વાહવા મેળવવાના વ્યસનના તેઓ બંધાણી થયા નથી. તેમને માટે જ આ કાર્ય છે. વકીલોનો અને બૅરિસ્ટરોનો જમાનો ગયો. હવે ખેડુતો અને વિદ્યાર્થીઓનો જમાનો બેઠો છે. તેઓ આગળ આવીને પોતાનું સ્થાન લઈ લે એટલી જ વાર છે.

ગુજરાત વિદ્યાપીઠ એ ગુજરાતના હાથમાં મોટામાં મોટું સાધન છે. ગુજરાતની પ્રજા તેમાં વધારે ને વધારે રસ લે, તેની વધારે ને વધારે સેવા લે, તેની મારફતે પોતાના જીવનમાં અનુકૂળ ક્રાન્તિ કરી લેવાની આશા રાખે તો વિદ્યાપીઠ સાચે જ કામધેનુ જેવી થઈ પડશે. હિન્દુસ્તાનના ગૌરવનું જેને ભાન છે, સમાજને પ્રાણવાન કરવાને જેઓ તલસી રહ્યા છે, શુદ્ધ સ્વરાજ્ય સ્થાપવા જેઓ પોતાનું બલિદાન આપવા તૈયાર છે એવા

જ્ઞાનવીરોએ અને કર્મવીરોએ પોતાની જીંદગી વિદ્યાપીઠની નાનીમોટી સંસ્થાઓને અર્પણ કરવી જોઇએ; સાહસ અને ત્યાગની દીક્ષા લઈ રાષ્ટ્રીય ઉદ્ધારનો યજ્ઞ ચલાવવો જોઇએ. નાનામોટા છોકરાઓને ભણાવવા એટલું જ તેમનું કામ નથી. સ્વરાજ્યની લડતમાં જેટલું ચારિત્ર્યબળ જોઇએ છે તેટલું ચારિત્ર્યબળ પ્રજામાં આણવાની હામ તેઓએ બીડવી જોઇએ.

સરકારની હીનતા સામે લડવા માટે આપણે આપણામાં રહેલી હીનતા પ્રથમ દૂર કરવી જોઇએ. આપણે પોતે આત્મશુદ્ધિ ન કરીએ અને સરકારને પજવીને સરકારની શુદ્ધિ કરવા મથીએ તો તેમાં આપણે ફાવવાના નથી. અને આવડો પરોપકાર શા માટે ?

આપણા દબાએલા વર્ગોપર વધારે દબાણ ચલાવી આપણી હીલચાલમાં આપણે તેમનો સહકાર મેળવી શકીએ, પણ તે રસ્તો જોખમભરેલો છે. તે રીતે છેલ્લી ઘડીએ આપણો ઘાત જ થવાનો. સાચો માર્ગ તો તેમની સેવા કરી, તેમને કેળવી, તેમને પોતાના જેવા કરી નાંખીએ એ જ છે.

ગુજરાતમાં સંઘશક્તિ સારી છે, ગુજરાતમાં ચાલતું કાર્ય તોડી પાડવાની ઇર્ષાળુ વૃત્તિ નથી. કોમના કે પ્રાન્તના આગેવાનો અમુક વસ્તુ પસંદ કરે એટલે બધા લોકો શ્રદ્ધાપૂર્વક તે કામને વધાવી લે છે એ આ પ્રાન્તની સુંદરતા છે. આની અંદર મોટી શક્તિ રહેલી છે. સ્વરાજ્યને માટે આ મોટામાં મોટી લાયકાત છે. મતભેદ કેળવવાની ચળ આ પ્રાન્તમાં બહુ ઓછી છે; નથી જ એમ કહીએ તોપણ ચાલે. તેથી આપણું કામ બીજા પ્રાન્તોના પ્રમાણમાં બહુ સુગમ છે. માથાદીઠ ભિન્ન મત હોઇ શકે છે, પણ દરેક જણ સ્વતન્ત્ર નેતા થવા જાય તો જાહેર જીવન જ તૂટી પડે એ જે લોકો જાણતા નથી તેમની સ્થિતિ આજે આપણી દૃષ્ટિ આગળ છે.

માત્ર આપણી એકતા વધારે સંગીન અને કાર્યક્ષમ કરવા માટે આપણે લોકશિક્ષણનું કામ વધારે ઊંડું કરવાની જરૂર છે. આપણે કહેલી વસ્તુ લોકો ઝટ માની લે છે એટલાથી જ આપણને સન્તોષ ન થવો જોઇએ. આપણી હીલચાલનું રહસ્ય લોકોના મગજ પર બરાબર ઠસાવવું જોઇએ. મહાજનોના કે ન્યાતના આગેવાનોને ગળે એકાદ વાત ઉતરી એટલું બસ નથી. સમાજની દરેક વ્યક્તિનાં વિચારમાં ક્રાન્તિ થવી જોઇએ, નહિં તો ક્યાંક ને ક્યાંક કચાશ રહી જાય, અને એ કચાશ છેલ્લી ઘડીએ પણ નડ્યા વિના ન રહે. આપણે સંઘશક્તિના દબાણથી કામ લેવાની વૃત્તિ ન જ રાખીએ, દબાણથી

કામ લેવું એ સરકારી માર્ગ છે. પ્રજાને કેળવી તેની પાસેથી કામ લેવું એ સ્વરાજનો માર્ગ છે: સાચી શક્તિ, નિર્ભય શક્તિ પ્રજાની કેળવણીમાં જ છે.

સોળ વરસ પહેલાં દૈનિક 'રાષ્ટ્રમત'ના કાર્યાલયમાં રોજ અમારી રાષ્ટ્રીય ચર્ચા ચાલતી. તેમાં બે ત્રણ જણા અમે કહેતા કે મહારાષ્ટ્ર આગળ મોટામાં મોટો સવાલ બ્રાહ્મણ-બ્રાહ્મણેતરનો છે. અમારા બીજા મિત્રો અમને 'ઍલાર્મિસ્ટ' એટલે કે નાહક ભડકનારા ગણી કાઢતા. તેઓ કહેતા, 'બ્રાહ્મણેતરોમાં ખરેખરો અસન્તોષ છે જ નહિ. કેટલાક ભણેલા લોકો તેમને આડે રસ્તે દોરે છે, પણ કોઈ આડે રસ્તે જવાનું નથી.' અમે કહેતા, 'બ્રાહ્મણેતરોને અન્યાય થાય છે કે નહિ એટલો જ વિચાર બસ નથી. બ્રાહ્મણેતરોનો પ્રેમ અને વિશ્વાસ આપણે મેળવ્યો છે કે નહિ એ સવાલ છે. તેમ કર્યું ન હોય તો કાળે કરીને તેઓ પોતાના સ્વાભાવિક આગેવાનોની પાછળ જ જવાના. માટે આજથી જ આપણે બ્રાહ્મણેતરોના અશિક્ષિત અને સુશિક્ષિત બંને વર્ગ સાથે એકરૂપ થવું જોઇએ. કોઈ પણ સવાલ ગંભીર થઈ જાય ત્યાં સુધી તેની ઉપેક્ષા કરવી, ગંભીર થયા પછી ચીડ કરવી અને વાત હાથમાંથી છટકી ગયા પછી હાથ ઘસવા બેસવું એ ડહાપણનો માર્ગ નથી, એ સ્વદેશભક્તિનું લક્ષણ નથી. આજે દેશમાં અન્ત્યજોનો સવાલ ગંભીર થઈ ચુકયો છે. હિન્દુ જાતિમાં જો કાંઈ પણ ધાર્મિકતા હોય, કાંઇ પણ ન્યાયબુદ્ધિ હોય, ઓછામાં ઓછું કાંઈ પણ વ્યવહારકુશળતા હોય, સ્વરાજ્યની લગની લાગી હોય તો અન્ત્યજોના સવાલનો ફેંસલ વગરવિલંબે આણવો જ જોઇએ. અન્ત્યજોની આપણે સેવા કરીએ, તેમની અસ્પૃશ્યતા દૂર કરીએ, તેમને કેળવણી આપીએ, તેમને સમાજમાં માનભર્યું સ્થાન આપીએ એમાં આપણે કંઈ ઉદારતા બતાવતા નથી, એમાં આપણે તેમના પર ઉપકાર કરતા નથી. તે તો તેમનો સ્વાભાવિક હક છે અને હિન્દુ તરીકેની આપણી પ્રાથમિક ફરજ છે. આપણા સામાજિક જીવનને અંગે આપણને જે જે લાભ મળે છે તે બધા પર તેમનો હક હોવો જોઇએ. કથા-કીર્તન દ્વારા આપણને ધર્મોપદેશ મળે છે. આપણી જાહેર સભાઓમાં આપણને રાજદ્વારી કેળવણી મળે છે. બાલ્યકાળ નિશાળમાં ગાળીને આપણે સંસ્કારી જીવનયાત્રાને માટે અણમોલ તૈયારી કરીએ છીએ. ગામની પંચાયતો-માં આપણે પ્રજાજીવનના પાઠ ભણીએ છીએ. ચોરામાં અને બજારોમાં આપણે આપણી આર્થિક સ્થિતિથી વાકેફ થઇએ છીએ. પરસ્પર સહવાસથી પરસ્પર પ્રેમ બંધાય છે અને તેથી જીવન સુખમય થાય છે. આ બધી

સાર્વજનિક વસ્તુઓનો લાભ મેળવવાનો હિન્દુ તરીકે અન્ત્યજોનો હક છે. આ વસ્તુથી તેમને વંચિત રાખીએ તો પ્રભુને ઘેર આપણે ગુન્હેગાર છીએ. હજી પણ જો આપણે પ્રાયશ્ચિત્ત નહિ કરીએ અને સામાજિક કેળવણીનો વારસો તેમને નહિ આપીએ તો શુનઃશેપ જેમ પોતાના પિતાનું ગોત્ર છોડીને ચાલ્યો ગયો તેમ અન્ત્યજો આપણને તજી દેશે, અને તેની સાથે ઈશ્વર પણ આપણો શત્રુ બનશે. અત્યાર સુધી તેઓ આપણને વફાદાર રહ્યા છે એ તેમની ખાનદાની છે, અને એ ખાનદાની જ તેમનો ઉદ્ધાર કરશે.

કોર્ટ કે રેલવે ટ્રેન વગેરે ઠેકાણે જ્યાં પોતાનો સ્વાર્થ હોય ત્યાં તો સગવડીઓ ધર્મ પળાય છે અને જ્યાં પોતાનો દોર ચાલતો હોય ત્યાં તિરસ્કારધર્મ અખત્યાર કરવામાં આવે છે, એ દંભ ઝાઝા દિવસ સુધી નહિ ચાલી શકે. પ્રભુનાં પ્રિય અન્ત્યજોનાં બાળકથી કૂવો અભડાઈ ગયો એમ કહી દીન અન્ત્યજોને માર મારનાર લોકોનું કૃત્ય ડાયરના કૃત્યના જેટલું જ તિરસ્કારને પાત્ર છે. આપણે સ્વરાજ્યવાદીઓ ડાયરશાહીના જેટલા દુશ્મન છીએ તેટલા જ આ ઘાતકીપણાના પણ શત્રુ છીએ એ આપણે સ્પષ્ટ કરવું જોઈએ.

આપણી સામાજિક એકતા ફક્ત ભિન્ન ભિન્ન ધર્મ અને પંથ વચ્ચે જ જોઈએ છે એમ નથી. જ્યાં સુધી સમાજના દબાએલા વર્ગોને સ્વતંત્રતાનું અને જવાબદારીનું સ્થાન નહિ આપીએ ત્યાં સુધી આપણી હીલચાલમાં કચાશ રહેવાની જ. એકલા અન્ત્યજો જ દબાએલા નથી. જેમ અન્ત્યજોને સમાજમાં સ્વાભાવિક સ્થાન નથી, જેમ તેમને ભાગે સમાજનો ભાર ઉઠાવવાનું છે, અને છતાં જેમ તેઓ સામાજિક પ્રવૃત્તિના લાભોથી વંચિત રહે છે, તે જ દશા આપણા ખેડુતો ને મજૂરોની છે. હું નથી માનતો કે દુનિયાના કોઇ પણ દેશનો ખેડુતવર્ગ હિન્દુસ્થાનના ખેડૂતો જેટલો લદાએલો હોય. સ્વરાજ્ય વહેલામાં વહેલું મેળવવાની કુંચી ગામડાંઓમાં છે. ખેડૂત અને મજૂરો સાથે રહીને, તેમની સાથે ભળીને જ્યારે તેમનું જીવન આપણે સજીવન કરીશું ત્યારે જ આપણે સ્વરાજ્ય મેળવીશું.

આપણો દબાએલો અને મોટામાં મોટો વર્ગ તો સ્ત્રીજાતિ છે. દેશની ચિન્તા અને દેશની લડત સાથે તેઓ એકરૂપ થયાં નથી ત્યાં સુધી આપણા દરેક કાર્યમાં લંગડાપણું રહે જ છે એવો અનુભવ આપણને કયાં નથી થયો ? પરદેશી કાપડના બહિષ્કાર અને ખાદીના પ્રચારમાં સ્ત્રીઓની મદદ મેળવતાં જ્યારે મુશ્કેલી પડે છે ત્યારે અત્યાર સુધી આપણે કરેલી તેમની ઉપેક્ષાનું ભાન તાજું

થાય છે. જો ડગલે ને પગલે હાર ખાવી ન હોય તો સ્ત્રીઓની ઉપેક્ષા કર્યે ચાલશે નહિં. તેમના વહેમો ને સામાજિક દુરાગ્રહો દૂર ન કરીએ તો આપણને સ્વરાજ્યની લડત લડનાર બાહોશ કુટુંબો મળવાની આશા છોડી જ દેવી પડે. આજનો બાહોશ અને બહાદુર સ્વાર્થત્યાગી જુવાન આવતી કાલે પરણે છે કે તરત જ મોળો, દીનદીન બની જાય છે. એ સ્થિતિનું નિરાકરણ ન કરીએ તો સ્વરાજ્યની લડત કોણ લડે? હું ધારૂં છું કે બીજા કેટલાક પ્રાન્ત કરતાં ગુજરાતમાં ગૃહસંસાર પર સ્ત્રીઓનો કાબુ વધારે છે. એ સ્થિતિ વખાણવા જેવી તો છે જ. તેને લીધે સ્ત્રીઓમાં કાર્યકુશળતા અને હિંમત વધારે હોય છે. પણ તેથી જ સ્વરાજ્યના કાર્યક્રમમાં તેમનો વિરોધ વધારે નડે છે. આકરી પ્રજાકીય લડતમાં સ્ત્રીઓ ઓછો ભાગ લે એ સમજાય એવું છે. પણ પ્રજાકીય જાગૃતિમાં, પ્રજાકીય કેળવણીમાં ગુજરાતી સ્ત્રીઓનો ભાગ કેટલો છે? બેચાર ગણ્યાગાંઠ્યા અપવાદ બાદ કરીએ તો લગભગ નિરાશાનાં જ વચન કાઢવાં પડે. પ્રણયની નવલકથાઓ અને સ્નેહલગ્ન કે દેહલગ્નની મીમાંસાઓ ભણાવવાથી સ્ત્રીઓને સમાજમાં તેમનું સ્વાભાવિક સ્થાન અને જવાબદારીનું કાર્ય મળવાનું નથી. હાલની પરિસ્થિતિથી તેમને વાકેફ ન કરીએ, જીવનમાં કેટલું પરિવર્તન કરવાની જરૂર છે તે ન સમજાવીએ ત્યાં સુધી આપણી જાગૃતિમાં તેઓ પોતાનો હિસ્સો કઇ રીતે આપે? રાષ્ટ્રીય જીવનની સત્યતા તેમની આગળ હજી ક્યાં રજુ કરી છે? દરેક સંસ્કારી કુટુંબમાં આ દિશામાં યત્ન થવા જોઇએ. દરેક જવાબદાર માણસે આ વિષયની પોતાની ફરજ ઓળખવા જોઇએ. દરેક ઘરને આપણે ઉત્તમમાં ઉત્તમ સંસ્થા કરી શકીએ.

જેમ આપણા સમાજમાં આ ત્રણ દબાએલા વર્ગ છે તેમ સમાજને પ્રત્યક્ષ નુકસાન પહોંચાડનાર ત્રણ વર્ગ છે એમ મારૂં માનવું છે. એ ત્રણ વર્ગને દુખવવાની મારી લગારે ઇચ્છા નથી, પણ લાગણી છૂપાવીને તેમને રાજી રાખવા એમાં બંધુભાવ નથી. આ ત્રણ વર્ગો તે પેટને માટે ગમે તેવો જુલમ ગુજારવા તૈયાર થનાર સરકારી નોકરો અને બહાદુર પણ અજાણ સિપાઇઓ; દેશનું ધન પરદેશ મોકલી તેમાંથી મળતી દલાલી પર મ્હાલનાર પરદેશી કાપડ વગેરેના વેપારીઓ; અને ત્રીજો વર્ગ તે આપણો વકીલવર્ગ. અંગ્રેજી ભણેલા નોકરીમાં ઉતરી જ્યારે સરકારના દાસ બનવા લાગ્યા ત્યારે વકીલોએ કંઇક સ્વતન્ત્રતાની ટેક જાળવેલી. આપણી મહાસભાની શરૂઆતની હીલચાલને તેમને જ હાથે પ્રથમ પોષણ મળેલું. આપણા મહાન નેતાઓમાંથી ઘણાંખરા એ જ વર્ગમાંથી આવ્યા છે. છતાં દુઃખ

સાથે કહેવું પડે છે કે વકીલીવૃત્તિથી જ સામાજિક આમન્યાનાં બંધન શિથિલ થઈ ગયાં છે, સામાજિક સંપ તૂટી ગયો છે, બહાદુરી ઓછી થઈ છે, અને બાકણુ સ્વાર્થવાદ બધે ફેલાયો છે. આ મારા અંગત વિચારો છે. પ્રમુખસ્થાનેથી તે જાહેર કરવાનો મને હક છે કે નહિ એ વિષે મને શંકા છે. છતાં જ્યાં આટલા બધા કજીઆકંકાસ આપણી હીલચાલને તોડવા ભેગા થયા છે ત્યાં આપણી નબળાઈનાં કારણો શોધતાં સૂઝેલા વિચારો રજુ કરવાની ગરજ સમજી હું બોલ્યો છું. ઘણાને એથી દુઃખ થશે. દીન થઈ હું તેમની ક્ષમા ઇચ્છું છું. સાથેસાથે જેઓએ વકીલાત છોડી છે—વકીલાત છોડી છે એટલું જ નહિ પણ વકીલવૃત્તિ પણ છોડી છે તેમને અહીં મુબારકબાદી આપું છું.

સ્વરાજ્યનો વિચાર કરતા હોઈએ કે રાષ્ટ્રીય કેળવણીનો, રાષ્ટ્રસંગઠન-નો કે બેડા બળવાનો, ખાદીનો જ સવાલ સૌથી પહેલવહેલો દૃષ્ટિ આગળ ઊભો થાય છે. દેશને ક્ષયરોગ લાગુ પાડનાર આર્થિક સ્રાવ બંધ કરવો હોય તો ખાદીની જ ઉપાસના કરવી જોઈએ. ગરીબ લોકોનો ભૂખમરો ટાળવો હોય તોયે ખાદીની જ ઉપાસના કરવી જોઈએ. સંપત્તિની વહેંચણી ન્યાય અને સમતાની દૃષ્ટિએ કરવી હોય તો ખાદી એ એકમાત્ર ઇલાજ છે. દેશદાઝની દીક્ષા લેવી હોય તો ખાદી જ પહેરવી જોઈએ. અન્ત્યજોનો ઉદ્ધાર કરવો હોય તોપણ ખાદીને આશ્રય આપવો જોઈએ. સ્વરાજ્યને માટે દિવસરાત મહેનત કરવા આપણે બંધાએલા છીએ, દેશનું અપમાન દૂર કર્યાં વગર ભોગવિલાસ આપણે માટે હરામ છે એનું સ્મરણ જો સતત જાગ્રત રાખવું હોય તો ખાદી તૈયાર કરવી જોઈએ. ખેતીની પ્રવૃત્તિ જેટલી જ ખાદીની પ્રવૃત્તિ સ્વાભાવિક અને વ્યાપક થવી જોઈએ. ગુજરાતમાં ખાદીનો પ્રચાર વધવો જોઈએ તેમ ખાદીની પેદાશ પણ વધવી જોઈએ. વેપાર-પ્રધાન આ પ્રાન્તને બીજા પ્રાન્તોથી ખાદી મંગાવીને પહેરવાની ટેવ પડી જાય તો ગુજરાતના વણકરો અને ગરીબ લોકો રઝળી જાય. ખાદીપ્રચારનું કામ મહાસભાએ અત્યાર સુધી ખૂબ કર્યું છે. હવે દરેક માણસે ખાદીપ્રચાર માટે કમર કસવી જોઈએ. વક્તાઓએ ને લેખકોએ ખાદીનો સંદેશો દેશમાં બધે પહોંચાડ્યો છે. હવે આપણે ખાનગી સંભાષણમાં તેમજ ન્યાતજાતના મેળાવડામાં, દુકાન પર તેમજ દવાખાનામાં, શાળામાં તેમજ બજારમાં, જ્યાં ખાદી વગરનો માણસ જોઈએ ત્યાં તેને ટોકવો જોઈએ. વ્યાખ્યાનો કરતાં આવી મીઠી ટકોરની અસર વધારે થાય છે એવો ઘણાનો અનુભવ છે. આપણો સહવાસ જેઓ ચાહતા હોય તેમને ખાદી વાપરવા વિષે આગ્રહપુર્વક

કહેવાનો આપણો હક છે તેમ આપણી ફરજ પણ છે. આપણા સમાજમાં ખાદી વગર હરવુંફરવું એ મોટામાં મોટો અવિવેક છે એમ જ બધાને થાય એવી સ્થિતિ આપણે આણવી જોઇએ. જ્યાં છાપાંઓ અને વક્તાઓ પહોંચી શકતા નથી ત્યાં પણ આ પદ્ધતિ પહોંચી શકે છે. આ પદ્ધતિ જો દરેક હિન્દી પવિત્ર ફરજ સમજી અમલમાં મૂકે તો ખાદી બોર્ડ કરતાં પણ વધારે કામ થાય; ઓછે ખરચે થાય અને વધારે સ્થાયી થાય. ખાદી વિષે આટલાં વર્ષ ચર્ચા કર્યા પછી આ પ્રાન્તમાં તો કશું કહેવાપણું બાકી રહ્યું હોય એમ લાગતું નથી. ગુજરાતમાં ખાદીનું સાર્વભૌમ રાજ્ય કરી મહાત્માજીને મોટામાં મોટો સન્તોષ આપવો એ આપણે માટે અશક્ય ન હોવું જોઇએ.

પ્રજા સમજે અને સ્વયંસેવકો તનતોડ મહેનત કરે તો પ્રજાજીવનમાં ખાદી કેટલો પ્રવેશ કરી શકે છે એનો નમૂનો બારડોલી તાલુકામાં આપણે પ્રત્યક્ષ કર્યો છે. અને ખાદી આપણા આર્થિક, સામાજિક અને ધાર્મિક જીવનમાં કેટલું કાર્ય કરી શકે છે, કેટલું યુગાન્તર કરી શકે છે તેનો ઉત્તમ દાખલો શ્રી. લક્ષ્મીદાસભાઈ અને તેમના સાથીઓએ રાનીપરામાં બતાવ્યો છે. આટલા અનુભવ પછી ખાદીના પ્રભાવ વિષે કોઈ શંકા કાઢી ન શકે. જો ખામી હોય તો તે ખાદીની શક્તિમાં નથી પણ આપણી શ્રદ્ધા અને આપણા ઉત્સાહમાં જ છે. ખાદીના પ્રસાદ તરીકે મળેલું સ્વરાજ્ય સાચે જ રામરાજ્ય હશે.

ભાઇઓ અને બહેનો, મારે કહેવું હતું તે મેં કહી દીધું છે.

દક્ષિણ અને પૂર્વ આફ્રિકામાં વસેલા આપણા હિન્દુમુસલમાન ભાઇઓને જે દુઃખો વેઠવાં પડે છે તે દુઃખ અને તે અપમાન આપણાં જ છે. પણ તે વિષે આજે અહીં નવું શું કહીએ? તેમની ખાતર તેમજ દેશી રાજ્યોની અને ત્યાંની પ્રજાની સ્થિતિ સુધારવા ખાતર પણ આપણે સ્વરાજ્ય જલદી મેળવવાનો પ્રયત્ન કરવો જોઇએ.

આપને એ વાત સાલી હશે કે રાજકીય પરિષદની શરૂઆતના આ ભાષણમાં સરકારનો, સરકારની નીતિનો અને સરકારના અન્યાયનો ક્યાંય ઉલ્લેખ નથી. સરકારનાં કાળાં કૃત્યોને મેં ક્યાંય વખોડ્યાં નથી. હું આપ સૌને ખાતરી આપું છું કે ઇરાદાપૂર્વક મેં તેમ કર્યું છે. લોકો જ્યાં સુધી સરકારને ઓળખી શક્યા ન હતા ત્યાં સુધી સરકારની નીતિનાં લાંબાં લાંબાં વર્ણનો કરવાં પડતાં. જ્યાં સુધી આપણા લોકોને કંઇ આશા હતી કે આ સરકારમાં શુદ્ધ દાનતના અંશો રહ્યા છે ત્યાં સુધી આપણા

લોકોએ બીજા બધા ઇલાજો અજમાવી જોયા. હવે આપણે નિરાશાનું બળ કેળવીએ છીએ. તેમાંથી જ આત્મશક્તિની શ્રદ્ધા ઉગી નીકળી છે. તેને જ હવે વફાદાર રહીએ. સરકારે ગાંધીજીને છોડ્યા, આપણને આનન્દ થયો. પણ સરકારે પોતાની કુટિલનીતિ ક્યાં છોડી છે? સરકારની ઉદ્ધતાઇ જેવી છે તેવી ને તેવી જ છે. આપણે ધારાસભાનો બહિષ્કાર કર્યો પણ તેથી ધારાસભામા ગએલા આપણા ભાઇઓનું સરકારે જે હડહડતું અપમાન કર્યું છે તે શું આપણે દરગુજર કરવાના હતા? વાત એ છે કે અસહ્ય થએલા જુલમના કાવ્યમય અથવા જુસ્સાદાર વર્ણનો કરીને દિલાસો પામવાની આપણે ના પાડવી જોઇએ. સરકારનાં કાળા કૃત્યોને વખોડવાથી આપણને જે સમાધાન થાય છે તેને લીધે પણ આપણામાં મોળાશ આવવાનો સંભવ છે. આંસુ વહેવડાવીએ તોપણ અમુક જાતનું સાન્ત્વન મળી જાય છે; તે પણ અટકાવવાની જરૂર છે. શું સરકારને ધિક્કારવાથી આપણને ટાઢક વળવાની છે? શું સરકારના નવા નવા અન્યાયની ગણતરી કર્યા વગર આપણે પંજાબના અત્યાચારનું સ્મરણ તાજું ન રાખી શકીએ? શું ત્રણ વરસ વીતી ગયાં એટલા માટે જ આપણી સ્વરાજ્યની ધગશ શમી જવાની હતી? મહાત્માજીએ કહ્યું છે: ‘પ્રજાને ઘડવી એ કંઇ જાદુના ખેલ નથી. એમાં તો પરસેવાના ટીપાં પાડવાનાં છે, લોહીનું પાણી કરવાનું છે.’ આપણે રણદીક્ષા લઇ ચુક્યા છીએ. હવે તો આપણો વ્યૂહ કઇ રીતે સજ્જડ કરીએ, આપણી સેના કેમ વધારીએ, આપણી યુદ્ધની પ્રતિજ્ઞા કઇ રીતે પાળીએ એનો વિચાર કરવા ખાતર જ આપણે ભેગા થઇ શકીએ, અને તે કામ આપ સૌ હવે શરૂ કરશો એવી મારી વિનંતિ છે.
